ક્રિમીનલ ઈન્ક. નંબર ૩૯/૨૦૨૬

-૦ આંક ૧ લગત હુકમ ૦-

૧. ફરિયાદ વંચાણે લીધી, ફરિયાદ સાથે રજૂ દસ્તાવેજો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આ કામના ફરિયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યાં.

૨. સદર ફરિયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુના સબબ કલમ–૧૪૨ અન્વયે અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે નામ. સુપ્રિમ કોર્ટના (૨૦૧૪) એસ.સી.સી.૫૯૦, ઈન્ડિયન બેંક એશોશિયેશન વિ. યુનિયન બેંક ઓફ ઈન્ડીયા ના ચુકાદા ઉપર આધાર રાખી સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ડાયરેક્શન મુજબ ફરિયાદના સમર્થનમાં એફિડેવિટ અને અસલ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. ફરિયાદ તથા રજૂ દસ્તાવેજો વંચાણે લેતાં, કલમ–૧૩૮ મુજબ આદેશાત્મક જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે અને આ રીતે કલમ–૧૪૨ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં હાલની ફરિયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

૩. ફરિયાદીની સોગંદ પરની સરતપાસની જુબાની તથા ફરિયાદ પક્ષે રજૂ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, તેમજ નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૧૬ એ.આઈ.આર. (એસ.સી.) ૨૧૪૯, કે.એસ.જોસેફ વિ. ફિલિપ્સ કાર્બન બ્લેક લી. ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ જ્યારે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટીની કલમ–૧૪૫(૧) અન્વયે સોગંદ ઉપર સરતપાસ રજૂ કરવામાં આવેલ હોય ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદીનું અલગથી વેરિફિકેશન નોંધવું જરૂરી ન હોય, આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા સોગંદ ઉપરની સરતપાસની જુબાની ધ્યાને લેતાં, આરોપીને ખોટી રીતે કનડગત કરવા હાલની ફરિયાદ રજૂ કરવામાં આવેલ હોય તે જણાતું નથી. આરોપી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટીની કલમ–૧૩૮ મુજબનો પ્રથમ દર્શનીય રીતે ગુનો બનતો હોય આ કાયદાની કલમ–૧૪૨ મુજબ કોગ્નીઝન્સ લઈ હાલની ફરિયાદ ફોજદારી રજીસ્ટરે નોંધવાનો આથી હુકમ કરવામાં આવે છે અને આરોપી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટીની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ મુદત તા. ૦૧/૦૭/૨૦૨૬ ના રોજનો સમંસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આ હુકમ આજ રોજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ થરાદ

તા.૦૬/૦૬/૨૦૨૬

(આર.કે.જાની)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
થરાદ,
Judge Code : Gj 01658